# “સારા નરસાનું ભાન નથી પણ એટલું જાણું છું ઘાયલ આવે ગળામાં, ઊલટથી એ ગાઈ જવામાં લિજ્જત છે.”

## મકર (ખ.જ.)



**સંવત 2082 આપને માટે ધીમી પણ ચોક્કસ પ્રગતિ, નવી તકો અને સંતુલનથી સફળતા તરફ ગતિનું વર્ષ છે. આમ શનિની મોટી (સાડા સાત વર્ષીય) પનોતી બંધનમાંથી મુકત થઈ ગયા છો એટલે આપ અંધારી ટનલમાંથી બહાર આવ્યા હોવાનો અહેસાસ કરશો. માનસિક રીતે, આપ સ્વસ્થ અને આત્મવિશ્વાસભર્યા રહેશો. ભૂતકાલીન કડવી યાદોને વિસરી જઈને તેમજ ભવિષ્ય માટે વધુ પડતી ચિંતાઓ કર્યા કરવાને બદલે વર્તમાનને માણવામાં જ સમજદારી છે.**

**“જો બી હે બસ યહી એક પલ હૈ”**

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર**

### માનસિક સ્થિતિઃ આત્મવિશ્વાસ વધારનારું વર્ષ

માનસિક રીતે આ વર્ષ આત્મવિશ્વાસ વધારનારું સાબિત થશે. ગુરુના પ્રભાવથી જીવનમાં સંતુલન, સમજદારી અને શાંતિ જળવાય પરંતુ રાહુ બીજા ભાવમાં હોવાથી પરિવાર અને નાણાંકીય મુદ્દે ક્યારેક ચિંતા વધી શકે પરંતુ, આકસ્મિક ધનલાભથી આનંદ થઈ આવે. **શનિ સતત પ્રયત્નો કરવા પ્રેરિત કરશે.** ક્યારેક ભાર અનુભવાશે પણ અંતે આત્મવિશ્વાસ વધુ મજબૂત બનશે. શુભ ધાર્મિક માંગલિક પ્રસંગો થાય અને તેને કારણે તમો માનસિક રીતે હર્ષ અને ઉત્સાહનો અનુભવ કરો.

### આરોગ્યઃ સામાન્ય રીતે સારું

આ વર્ષે આરોગ્ય એકંદરે સારું રહેશે. જો કે, થાક, તણાવ અને પાચન સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે. રાહુના પ્રભાવથી ગળા-દાંત અથવા બ્લડપ્રેશર સંબંધિત ચિંતા થઈ શકે. શનિ અતિશય મહેનત કરાવે, જેના કારણે માનસિક ભારણ વધી શકે. યોગ, પ્રાણાયામ અને સાત્ત્વિક આહારથી સ્થિરતા જળવાશે. **અગાઉની જૂની બીમારી ઊથલો મારી શકે.** જેથી નિયમિત આરોગ્ય ચેકઅપ કરાવતા રહેવું.

### વ્યાપાર-ધંધોઃ મહેનત વધુ પરંતુ લાભકારી

વ્યવસાય ક્ષેત્રે વર્ષ પ્રગતિશીલ સાબિત થશે. વર્ષના પ્રારંભથી 5મી ડિસેમ્બર સુધી તથા પહેલી જૂનથી વર્ષના અંત સુધી ગુરુ સાતમા ભાવમાં હોવાથી જીવનસાથી અને ભાગીદારીથી લાભ આપે. ભાગીદારીથી જોડાયેલાં કાર્યોમાં સફળતા. વ્યાપાર-ધંધાનો વિસ્તાર થાય. નવા કરાર થાય. નવા ગ્રાહકો પ્રાપ્ત થાય. ધંધામાં વૃદ્ધિ થાય. **કન્સલ્ટન્સી, કાનૂન, પ્રોપર્ટી અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે લાભકારી સમય.** તા 5 મી ડિસેમ્બરથી 1 લી જૂન દરમ્યાન ગુરુનું છઠ્ઠા ભાવમાં ભ્રમણ દરમ્યાન પણ આપના ધંધાકીય પ્રતિસ્પર્ધીઓને પાછળ છોડી વ્યવસાય-ધંધામાં આગળ વધી શકશો. શનિ ધીમે-ધીમે પરંતુ સ્થિર વૃદ્ધિ અપાવશે. નવા પ્રોડક્ટમાં મહેનત વધુ થશે પરંતુ પરિણામ લાંબા ગાળે ફાયદાકારક રહેશે.

### નોકરી / કારકિર્દીઃ નવા અવસરો મળે

નોકરીમાં મકર જાતકોને નવા અવસર મળશે. પ્રમોશન અથવા મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપાઇ શકે. વિદેશી કંપની કે મોટા પ્રોજેક્ટ સાથે જોડાવાની તક મળે. શનિના કારણે જવાબદારી અને કાર્ય-ભાર વધે પરંતુ તા. 5 મી ડિસેમ્બરથી તા 1 લી જૂનના સમયગાળામાં આપ આપના પ્રતિસ્પર્ધીઓને મહાત કરી શકશો અને **આપના કાર્યસ્થળે આપને પ્રતિષ્ઠા અને ઉચ્ચપદ પ્રાપ્ત થશે.** તા 1 લી જૂન થી વર્ષના અંત સુધીના સમયમાં પણ આપને સહકર્મીઓનો અને ઉપરી અધિકારીઓનો સહકાર મળે. **આપના કાર્યની ઉચિત કદર થાય** પરંતુ સમયસર ટાર્ગેટ હાંસલ કરવા જરૂરી છે.

### નાણાંકીય સ્થિતિઃ મિશ્રિત રહેશે

નાણાંકીય સ્થિતિ મિશ્રિત રહેશે. ગુરુના કારણે ભાગીદારી કે સહયોગી વ્યાપાર-ધંધામાંથી લાભ થશે પરંતુ રાહુ આર્થિક અસ્થિરતા ઊભી કરે. અચાનક ખર્ચ વધારશે. બજેટ ખોરવાઈ શકે છે. યોગ્ય વિચારણા કર્યા વિના મોટા નાણાંકીય સાહસો કરવા નહીં કે નાણાંકીય જવાબદારીઓ ઊભી કરવી નહીં.

### પ્રેમ અને દાંપત્યજીવનઃ સુખ અને સ્થિરતા

ગુરુ 1 લી જૂન 2026 થી સાતમા ભાવમાં હોવાથી દાંપત્યજીવનમાં સુખ અને સ્થિરતા રહેશે. પ્રેમ સંબંધો મજબૂત બનશે. અપરિણીત જાતકો માટે લગ્નની તક




ઊભી થશે. સંતાનસુખ ઇચ્છતાં દંપતીઓને ગુડ ન્યૂઝ મળવાનો યોગ પણ છે. જો કે રાહુ અને શનિના કારણે પારિવારિક જીવનમાં ચિંતા, ઉચાટ તથા વાદ-વિવાદ રહ્યાં કરે પરંતુ સમજદારીથી ઉકેલાઈ જાય.

### શિક્ષણઃ પ્રયત્ન વગર સફળતા નહીં

વિદ્યાર્થીઓ માટે મધ્યમથી ઉત્તમ રહેશે. તારીખ 5મી ડિસેમ્બરથી 1લી જૂન સુધી અભ્યાસમાં રૂકાવટ આવતી જણાય પરંતુ તારીખ પહેલી જૂનથી વર્ષના અંત સુધીના સમયગાળા દરમિયાન ગુરુ સ્પર્ધાત્મક પરીક્ષા અને ઉચ્ચ અભ્યાસમાં સફળતા આપશે. લો, મેનેજમેન્ટ, કોમ્યુનિકેશન અને મિડિયા ક્ષેત્રના વિદ્યાર્થીઓને લાભ મળે. શનિ મહેનત માગશે, એટલે ખંતપૂર્વકના પ્રયત્ન વગર સફળતા નહીં મળે. વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓને તક મળશે.

### કોર્ટકેસ : રાહત રહે

ગુરુ કાયદાકીય મામલામાં રાહત લાવે. જૂના વિવાદોમાં સમાધાન થાય. ખાસ કરીને 5મી ડિસેમ્બરથી 1લી જૂન દરમિયાન આપની રાશિથી છઠ્ઠા ભાવમાં રહેતો ગુરુ આપને કાનૂની કાર્યવાહીઓમાં આપના પ્રતિ-વિવાદીઓ પર વિજય અપાવે. શનિના કારણે કાર્યવાહીમાં વિલંબ થઈ શકે પણ અંતે સફળતા ચોક્કસ છે.

### સરકારી કામકાજ

સરકારી ટેન્ડર/કોન્ટ્રાક્ટ લાયસન્સ મેળવવામાં આપને 5મી ડિસેમ્બરથી 1લી જૂન દરમિયાન સફળતા મળે.

### પ્રવાસઃ નાના પ્રવાસો વધુ થાય

શનિ ત્રીજા ભાવમાં હોવાથી નાના પ્રવાસો વધુ બનશે. વારંવાર યાત્રાઓ પણ થશે. 1 લી જૂન પછી ગુરુ લાંબા પ્રવાસ અથવા વિદેશ પ્રવાસ માટે અનુકૂળતા લાવશે. યાત્રાઓ/પ્રવાસો આનંદદાયક રહેશે.

### સ્ટોક માર્કેટઃ લાંબા ગાળાના રોકાણ માટે અનુકૂળતા

લાંબા ગાળાના રોકાણ માટે શુભ રહેશે. બેન્કિંગ, કન્સલ્ટન્સી પાવર, FMCG અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરના શેર, **મ્યુચુઅલ ફંડમાં કરેલું રોકાણ નફો આપશે.** ટૂંકા ગાળાના સટ્ટા કે જોખમી રોકાણ ટાળવાં. સોના-ચાંદીમાં યા તો તેના ETFમાં કરેલ રોકાણથી પણ લાભ થશે.

**(શીર્ષક પંક્તિ : અમૃત ‘ઘાયલ’)**

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસર :** શનિ ત્રીજા ભાવમાં હોવાથી ભારે મહેનત કરવી પડે પરંતુ પરિણામ લાંબા ગાળે ફળદાયી સાબિત થાય. ભાઈ-બહેન સાથેના સંબંધોમાં ક્યારેક મતભેદો પરંતુ અંતે સહકાર મળે. ધનનું સુખ રહે. શુભ કાર્યો માટે આપ ઉદારતાથી દાન આપશો.

**ગુરુની અસરઃ** ગુરુ 22મી ઓક્ટોબરથી 5મી ડિસેમ્બર સુધી અને ત્યાર બાદ 1લી જૂનથી વર્ષના અંત સુધી સાતમા ભાવમાં હોવાથી દાંપત્ય જીવન, ભાગીદારી અને પબ્લિક રિલેશનમાં શુભ ફળ મળે. ધન અને વિદ્યાની પ્રાપ્તિ થાય. વ્યાવસાયિક ભાગીદારો સાથે નવા કરાર, સહયોગ અને પ્રગતિ થાય. લગ્ન ઇચ્છુક જાતકોને સારા અવસર મળે. દાંપત્યજીવન સુખદ બને, જીવનસાથી તરફથી સહકાર મળે. **સમાજમાં પ્રતિષ્ઠા અને માન-સન્માન વધે.** તારીખ 5મી ડિસેમ્બરથી 1 લી જૂન સુધી મિથુન છઠ્ઠા ભાવમાં ભ્રમણ કરતો ગુરુ પાચનતંત્ર સંબંધિત તકલીફો આપી શકે કાર્યક્ષેત્રમાં સ્પર્ધાનો અનુભવ થાય પણ આપને આપના હરીફો શત્રુઓ પર વિજય પણ અપાવે.

**રાહુની અસરઃ** રાહુ બીજા ભાવમાં હોવાથી ધન, વાણી અને પરિવાર પર અસર કરે. **અચાનક ખર્ચ વધી શકે, તેથી બજેટ સંભાળવું જરૂરી.** કુટુંબમાં સંવાદિતતા ઓછી આપે. પરિવારના સભ્યો સાથે ક્યારેક ગેરસમજ કે મતભેદ થઈ શકે. વાણીમાં અને વર્તનમાં તીક્ષ્ણતા ટાળવી, નહીંતર સંબંધો ખરાબ થઈ શકે.